## હોકી વર્લ્ડકપ : ઈંગ્લેન્ડ સામે ડ્રો રમી ભારતીય મહિલા ટીમ બીજા રાઉન્ડમાં

**પાસિંગ**, બોલ કંટ્રોલ, પેનલ્ટી કોર્નર અને ડિફેન્સ દરેક પાસામાં ભારતીય ટીમની નબળાઈઓ સ્પષ્ટ થઇ



એમસ્ટેલવીન, તા. 20 (પીટીઆઈ) : ભારતીય મહિલા હોકી ટીમની બંને ગોલકીપરે 12 પેનલ્ટી કોર્નર બચાવીને ઈંગ્લેન્ડ સામેની છેલ્લી પૂલ મેચ ગોલરહિત ડ્રો કરાવવા બદલ પ્રશંસાને પાત્ર છે. આ ડ્રોથી ભારતીય ટીમ FIH વર્લ્ડકપના બીજા રાઉન્ડમાં પહોંચી છે. ભારતીય ખેલાડીઓએ ત્રીજા ક્વાર્ટરમાં જ પાંચ પેનલ્ટી કોર્નર ગુમાવ્યા અને 300 થી વધુ મેચ રમી ચૂકેલી ગોલકીપર સવિતા પુનિયાનો અનુભવ કામમાં આવ્યો.

અંતિમ વ્હિસલ વાગવાના 30 સેકન્ડ પહેલા, ગોલકીપર બિચ્છુ દેવીએ ગોલ બચાવવા માટે ડાબી બાજુ ડાઇવ મારીને ભારતને આગળના રાઉન્ડમાં લઈ ગઈ હતી. ભારતને બીજા રાઉન્ડમાં પહોંચવા માટે આ મેચમાં ફક્ત ડ્રો કરવાની જરૂર હતી પરંતુ ઘણી તકો બનાવવા છતાં, ભારતીય ખેલાડીઓ ગોલ કરી શક્યા નહીં. પાસિંગ, બોલ કંટ્રોલ, પેનલ્ટી કોર્નર બનાવટ અને ડિફેન્સ દરેક પાસામાં નબળાઈઓ સ્પષ્ટ થઈ હતી. ભારતે મેચમાં છ પેનલ્ટી કોર્નર મેળવ્યા હતા, પરંતુ દીપિકા અને નવનીત, જેઓ ટુર્નામેન્ટ પહેલા ઉત્તમ ફોર્મમાં હતા, તેનો લાભ લેવામાં નિષ્ફળ ગયા. ચીને અગાઉની મેચમાં દક્ષિણ આફ્રિકાને 5-1થી હરાવીને પૂલ Dમાં ટોચનું સ્થાન મેળવ્યું હતું. ભારતે તેમની ત્રણ મેચમાંથી એક જીતી અને બે ડ્રો કરીને બીજા સ્થાને રહી હતી.

## ‘ટ્રોફી ચોર’ નકવી ફરી આગામી મહિલા એશિયા કપમાં અસમંજસની સ્થિતિ સર્જશે

**દુબઇમાં** આવતા અઠવાડિયાથી યોજાનારા મહિલા એશિયા કપનો એવોર્ડ વિતરણ સમારોહ ફરી અસ્વસ્થાભરી સ્થિતિ ઊભી કરશે

**ભારતીય** મહિલા ટીમ એશિયા કપ જીતશે તો ટ્રોફી વિતરણમાં ફરી નકવી સ્ટેજ પર આવશે અને ફરી મૂંઝવણની સ્થિતિ સર્જાશે



નવી દિલ્હી, તા. 20 (PTI) : આવતા અઠવાડિયાથી દુબઈમાં યોજાનારા વિમેન્સ એશિયા કપમાં જો ભારતીય ટીમ ફાઇનલમાં પહોંચીને ચેમ્પિયન બનશે તો ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ (બીસીસીઆઇ) માટે એવોર્ડ વિતરણ સમારોહ દરમિયાન અસ્વસ્થતાભરી સ્થિતિ સર્જાઈ શકે છે. આનું કારણ એ છે કે એશિયન ક્રિકેટ કાઉન્સિલ (એસીસી)ના પ્રમુખ તરીકે પાકિસ્તાનના મોહસિન નક્વી ફરી એકવાર ટ્રોફી એનાયત કરવા માટે સ્ટેજ પર હાજર હોઈ શકે છે.

પહલગામમાં થયેલા આતંકી હુમલા અને ત્યારબાદ બંને દેશો વચ્ચે સર્જાયેલા સૈન્ય તણાવને કારણે ભારતીય પુરુષ ક્રિકેટ ટીમે ગયા વર્ષે નક્વીના હસ્તે એશિયા કપની ટ્રોફી સ્વીકારવાનો ઈનકાર કરી દીધો હતો. આથી નાક્વી ટ્રોફી લઈને ચાલ્યા ગયા હતા, જે ટ્રોફી હજુ સુધી ચેમ્પિયન બનેલી ભારતીય ટીમને સોંપવામાં આવી નથી. નાક્વી પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)ના વડા હોવાની સાથે પોતાના દેશના ગૃહમંત્રી પણ છે. મહિલાઓની આ ખંડિય ટૂર્નામેન્ટ ૨૮ ઓગસ્ટથી ૧૩ સપ્ટેમ્બર દરમિયાન યોજાશે.

ભારત અને પાકિસ્તાનને એક જ ગ્રૂપમાં રાખવામાં આવ્યા છે, અને તેમની વચ્ચે લીગ સ્ટેજની મેચ પાંચમી સપ્ટેમ્બરે રમાવાની છે. પરંતુ પુરુષોના એશિયા કપથી વિપરીત, મહિલાઓની આ ટૂર્નામેન્ટમાં ફાઈનલ પહેલાં ભારત અને પાકિસ્તાન વચ્ચે એકથી વધુ મેચો રમાવાની શક્યતા નથી. હવે મુખ્ય સવાલ એ ઊભો થાય છે કે જો હરમાનપ્રીત કૌરના નેતૃત્વ હેઠળની ભારતીય ટીમ વિમેન્સ એશિયા કપ જીતે છે અને નક્વી પ્રેઝન્ટેશન સ્ટેજ પર હાજર હોય, તો શું થશે? શું ભારતીય મહિલા ટીમ સૂર્યકુમાર યાદવ અને તેની ટીમ દ્વારા સ્થાપિત કરવામાં આવેલા દૃષ્ટાંતનું પાલન કરીને નક્વી પાસેથી ટ્રોફી લેવાનો ઈનકાર કરશે? આવી સ્થિતિ અંગે BCCIનું વલણ હજુ સ્પષ્ટ નથી, જેના કારણે જો ભારત ચેમ્પિયન બને તો એવોર્ડ વિતરણ સમારોહ અસામાન્ય બની રહેવાની અટકળો સેવાઈ રહી છે.

## ઈન્ફેન્ટિનોના રાજીનામાની માગ સાથે ગ્લોબલ પિટિશન શરૂ થઈ

**વિશ્વભરના** સોકર ફેન દ્વારા ફિફા વર્લ્ડ કપના ‘વિશ્વાસઘાત’ બદલ આ પિટિશન શરૂ કરવામાં આવી



જીનિવા, તા. 20 (AP) : વિશ્વભરના સોકર ફેન ગ્રૂપના એક સમૂહે આજે ગુરુવારે જિઆની ઈન્ફેન્ટિનો પાસે ફિફાના પ્રમુખ પદેથી રાજીનામું આપવાની માગ કરતી એક પિટિશન શરૂ કરી છે. ઈન્ફેન્ટિનોએ ભવિષ્યના વર્લ્ડકપના નફાને ખાનગી રોકાણકારોને વેચવાનો પ્રયાસ કર્યા બાદ આ વિરોધ ઊભો થયો છે.

»InfantinOut હેશટેગ સાથેની આ અરજીમાં એવી પણ માંગ કરવામાં આવી છે કે ફિફાનું પુનર્ગઠન કરવામાં આવે જેથી કરીને આવી શરમજનક સ્થિતિ ભવિષ્યમાં ક્યારેય ફરી ન સર્જાય. ભારે વિરોધ બાદ પડતો મૂકાયેલા ઈન્ફેન્ટિનોના કમર્શિયલ સ્પિનઓફ પ્લાન અંગે પિટિશનમાં જણાવાયું છે કે, એક વ્યક્તિ ખુદ ફિફા પ્રમુખ દ્વારા વર્લ્ડ કપને ખાનગી રોકાણકારોને વેચી દેવાનો શરમજનક પ્રયાસ એવો વિશ્વાસઘાત છે જેને ફૂટબોલ ક્યારેય ભૂલશે નહીં. આ ફેન ગ્રૂપમાં ફૂટબોલ સપોર્ટર્સ યુરોપ, ફૂટબોલ સપોર્ટર્સ આફ્રિકા અને નોર્થ અમેરિકાનું ઈન્ડિપેન્ડન્ટ સપોર્ટર્સ કાઉન્સિલ ઉપરાંત વિશ્વભરના લગભગ 40 રાષ્ટ્રીય ફેન ગ્રૂપ સામેલ છે.

ફેન પિટિશનમાં જણાવાયું છે કે, જિઆની ઈન્ફેન્ટિનોએ નેતૃત્વની ગંભીર નિષ્ફળતા દર્શાવી છે, જે લોકશાહી શાસન સાથે સુસંગત નથી. ફિફા પ્રમુખપદની આસપાસ સત્તાનું કેન્દ્રીકરણ, અપારદર્શક નિર્ણયો, વ્યક્તિગત સ્વાર્થ અને શૂન્ય જવાબદારીએ વિશ્વ સંચાલક મંડળમાં બાકી રહેલો વિશ્વાસ પણ નાશ કર્યો છે.

### હેપ્ટાથલીટ સ્વપ્ના બર્મન ડોપ ટેસ્ટમાં ફેલ જતા નાડા દ્વારા સસ્પેન્ડ



નવી દિલ્હી, તા. 20 (PTI) : એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતનારી ભારતની પ્રથમ મહિલા હેપ્ટાથલીટ સ્વપ્ના બર્મનને પ્રતિબંધિત પદાર્થનો ઉપયોગ કરવા બદલ નેશનલ એન્ટી ડોપિંગ એજન્સી (નાડા) દ્વારા કામચલાઉ ધોરણે સસ્પેન્ડ કરવામાં આવી છે. હાલમાં જ નિવૃત્તિ જાહેર કરી હોવા છતાં, તેની સામે શિસ્તભંગની કાર્યવાહી ચાલુ રહેશે. 29 વર્ષીય સ્વપ્ના બર્મનનો એનાબોલિક-એન્ડ્રોજેનિક સ્ટેરોઇડ ‘બોલ્ડેનોન’નો ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે. નાડાની કામચલાઉ ધોરણે સસ્પેન્ડ કરાયેલા ખેલાડીઓની તાજેતરની યાદીમાં તેનું નામ સામેલ છે. નાડાના એક વિશ્વસનીય સૂત્રએ જણાવ્યું હતું કે, નિયમ મુજબની તમામ પ્રક્રિયાઓ અનુસરવામાં આવશે અને નિવૃત્તિ છતાં તેને કામચલાઉ ધોરણે સસ્પેન્ડ રાખવામાં આવી છે. તેણે સુનાવણી માટે હાજર થવું પડશે અને તે તેના ‘B સામ્પલ’ના ટેસ્ટની માંગ કરી શકે છે. સૂત્રએ વધુમાં ઉમેર્યું, જો તે તેના જીવનના કોઈ પણ તબક્કે નિવૃત્તિ પાછી ખેંચવાનો નિર્ણય લે છે, અને જો ઔપચારિક સુનાવણીમાં તે દોષિત સાબિત થશે, તો તેની સામેના તમામ પ્રતિબંધો લાગુ રહેશે. નિવૃત્તિની જાહેરાત કરવાથી કોઈ પણ ખેલાડી ડોપિંગના ગુનામાંથી મુક્ત થઈ જતો નથી. સ્વપ્ના બર્મના સસ્પેન્શન ઉપરાંત, ગયા વર્ષે આઉટ-ઓફ-કોમ્પિટિશન ટેસ્ટમાં નિષ્ફળ રહેલા હોકી ખેલાડી મયંક શર્મા પર ચાર વર્ષનો પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

## પાકિસ્તાન સામેની પ્રથમ ટેસ્ટમાં ઈંગ્લેન્ડે પ્રભુત્વ જમાવ્યું

**રોબિન્સન** અને ટંગની 5-5 વિકેટની મદદથી ઈંગ્લેન્ડે પાકિસ્તાનનો પ્રથમ દાવમાં 171 રનમાં વિંટો વાળ્યો

**જો રૂટ** અને જોર્ડન કોક્સની અર્ધસદીની મદદથી ઈંગ્લેન્ડે બીજા દિવસે ટી બ્રેક સુધીમાં ચાર વિકેટે 239 રન બનાવી લીધા



લીડ્સ તા. 20 : ઈંગ્લેન્ડના ‘બેઝબોલ’ યુગ પછીના નવા તબક્કાની ઉત્સાહજનક શરૂઆત થઈ છે. અહીં હેડિંગ્લી ખાતે પાકિસ્તાન સામેની પ્રથમ ટેસ્ટના પ્રથમ દિવસે જ ફાસ્ટ બોલરો ઓલી રોબિન્સન અને જોશ ટંગે 5-5 વિકેટો ઝડપીને પ્રવાસી ટીમના બેટિંગ ઓર્ડરને ધ્વસ્ત કરતાં પાકિસ્તાનની ટીમ 117-3ના સ્કોરથી ગબડીને માત્ર 171 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. જવાબમાં ઈંગ્લેન્ડે આજે બીજા દિવસે ટી બ્રેક સુધીમાં ચાર વિકેટે 239 રન બનાવીને 68 રનની સરસાઈ મેળવી લીધી છે. બ્રેક સમયે હેરી બ્રુક 15 અને ડેન લોરેન્સ 22 રને ક્રિઝ પર હતા.

બેન સ્ટોક્સની નિવૃત્તિ બાદ બીજી વાર કેપ્ટનશીપ સંભાળી રહેલા જો રૂટ માટે આનાથી સારી શરૂઆત ન હોઈ શકે. વાદળછાયા વાતાવરણમાં ટોસ જીતીને ફિલ્ડીંગ કરવાનો નિર્ણય કર્યા પછી વરસાદી વિઘ્નવાળા પ્રથમ દિવસે રોબિન્સને શરૂઆતમાં જ પ્રભાવ પાથરીને મેચના પહેલા બોલે વિકેટ ઝડપી હતી. પાકિસ્તાન વતી ઈમામ-ઉલ-હક (42) તથા અબ્દુલ્લા શફીક (61) વચ્ચે ત્રીજી વિકેટ માટે 91 રનની ભાગીદારી થઈ હતી.

| પાકિસ્તાન પ્રથમ દાવ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| અયૈસ LB બો.રોબિન્સન | 0 | 1 | 0 | 0 |
| ઇમામ કો.બ્રુક બો.ટંગ | 42 | 74 | 6 | 0 |
| મસૂદ LB બો.રોબિન્સન | 5 | 20 | 0 | 0 |
| શફીક બો.રોબિન્સન | 61 | 104 | 8 | 0 |
| શકીલ LB બો.રોબિન્સન | 5 | 25 | 1 | 0 |
| આગા બો.ટંગ | 21 | 29 | 4 | 0 |
| રિઝવાન LB બો.ટંગ | 12 | 19 | 1 | 0 |
| ઉસ્માન LB બો.ટંગ | 0 | 1 | 0 | 0 |
| શહઝાદ કો.એટકિન્સન બો.રોબિન્સન | 14 | 12 | 3 | 0 |
| અબ્બાસ બો.ટંગ | 2 | 5 | 0 | 0 |
| અલી નોટઆઉટ | 0 | 0 | 0 | 0 |
| વધારાના | 9 | | | |
| કુલ (48.1 ઓવરમાં ઓલઆઉટ) | 171 | | | |

વિકેટપતન : 1-0, 2-6, 3-97, 4-117, 5-118, 6-150, 7-150, 8-159, 9-171, 10-171

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| ઓલિ રોબિન્સન | 18 | 3 | 51 | 5 |
| જોફ્રા આર્ચર | 9 | 4 | 26 | 0 |
| ગસ એટકિન્સન | 12 | 1 | 40 | 0 |
| જોશ ટંગ | 9.1 | 0 | 46 | 5 |

| ઈંગ્લેન્ડ પ્રથમ દાવ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| ડકેટ LB બો.અબ્બાસ | 15 | 28 | 0 | 0 |
| એમેલિયો કો.આગા બો.અલી | 33 | 31 | 7 | 0 |
| કોક્સ કો.રિઝવાન બો.ઉસ્માન | 73 | 100 | 14 | 0 |
| રૂટ LB બો.ખુર્રમ | 66 | 112 | 10 | 0 |
| બ્રુક રમતમાં | 15 | 23 | 2 | 0 |
| લોરેન્સ રમતમાં | 22 | 33 | 4 | 0 |
| વધારાના | 15 | | | |
| કુલ (54 ઓવરમાં ચાર વિકેટે) | 239 | | | |

વિકેટપતન : 1-36, 2-48, 3-198, 4-202

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| મહંમદ અબ્બાસ | 18 | 5 | 54 | 1 |
| ખુર્રમ શહઝાદ | 15 | 1 | 82 | 1 |
| મહંમદ અલી | 12 | 1 | 53 | 1 |
| અલી ઉસ્માન | 9 | 0 | 38 | 1 |

### ઇંગ્લેન્ડની ધરતી પર ટેસ્ટ સીરિઝના પહેલા બોલ પર વિકેટ લેનારો રોબિન્સન પહેલો બોલર બન્યો

**ટેસ્ટના** ઇતિહાસમાં પહેલા બોલ પર વિકેટ પડવાની 36મી અને સીરિઝના પહેલા બોલ પર વિકેટની 11મી ઘટના

લીડ્સ તા. 20 : પાકિસ્તાન સામેની ત્રણ મેચની શ્રેણીમાં ઈંગ્લેન્ડના ફાસ્ટ બોલર ઓલી રોબિન્સને પહેલા બોલે વિકેટ લઈને નવો રેકોર્ડ બનાવ્યો. પાકિસ્તાનની ઇનિંગ્સના પહેલા જ બોલ પર રોબિન્સને અઝાન અવૈસને આઉટ કરતાં 1880થી ટેસ્ટ મેચની યજમાની કરતાં ઈંગ્લેન્ડમાં ટેસ્ટ સીરિઝના પહેલા જ બોલ પર વિકેટ લેનારો તે પહેલો બોલર બન્યો હતો. જો કે ટેસ્ટ ક્રિકેટના ઓવરઓલ ઇતિહાસમાં આવું ફક્ત 11 વખત બન્યું છે. જેમાં જેમ્સ એન્ડરસન પ્રથમ ઇંગ્લીશ બોલર હતો જેણે ટેસ્ટ સીરિઝના પહેલા બોલે વિકેટ લીધી હોય. તેણે દક્ષિણ આફ્રિકામાં રમાયેલી 2019-20 સીરિઝના પહેલા બોલ પર ડીન એલ્ગરને આઉટ કર્યો હતો. આ સાથે જ 1894/95માં ઓસ્ટ્રેલિયા વતી માત્ર એક જ ટેસ્ટ રમનારા આર્થર કનિંગહામે મેલબોર્નમાં ઈંગ્લેન્ડ સામેની મેચના પહેલા બોલ પર વિકેટ લીધી ત્યારથી ટેસ્ટ ક્રિકેટના ઇતિહાસમાં એવું 36મી વાર બન્યું છે કે જ્યારે મેચના પહેલા બોલ પર વિકેટ પડી હોય. આ ઉપરાંત અઝાન અવૈસ ટેસ્ટ મેચના પહેલા બોલ પર આઉટ થનાર બીજો પાકિસ્તાની બેટ્સમેન બન્યો છે. આ પહેલા કપિલ દેવે 1983માં જાલંધર ટેસ્ટમાં પાકિસ્તાનના ઓપનર મોહસીન ખાનને પહેલા બોલે આઉટ કર્યો હતો

## જો રૂટ WTCમાં કેપ્ટન તરીકે 3000 રન કરનારો પહેલો ખેલાડી, અર્ધસદી મામલે સચિનના રેકોર્ડની બરાબરી



હેડિંગ્લે, તા. 20 : અહીં રમાઇ રહેલી પાકિસ્તાન સામેની પ્રથમ ટેસ્ટના બીજા દિવસે ઈંગ્લેન્ડના દિગ્ગજ બેટ્સમેન જો રૂટે એક સાથે બે રેકર્ડમાં નામ લખાવીને ઇતિહાસ રચ્યો. રૂટ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના ઇતિહાસમાં કેપ્ટન તરીકે 3,000 રન બનાવનાર પ્રથમ ખેલાડી બન્યો અને તેની સાથે જ તેણે અર્ધસદી મામલે દિગ્ગજ બેટ્સમેન સચિન તેંદુલકરના રેકોર્ડની પણ બરાબરી કરી.તેણે આ ટેસ્ટમાં અડધી સદી ફટકારી જે તેની કેરિ.રની 68મી અર્ધસદી હતી અને ટેસ્ટ ક્રિકેટમાં સર્વાધિક 68 અર્ધસદીના સચિનના રેકોર્ડની બરાબરી કરી હતી. આ ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કર્યા પછી, જો રૂટ હવે ભૂતપૂર્વ ઓસ્ટ્રેલિયન કેપ્ટન રિકી પોન્ટિંગનો ઘરઆંગણે સૌથી વધુ ટેસ્ટ રનનો રેકોર્ડ તોડવાનો લક્ષ્યાંક ધરાવે છે. પોન્ટિંગે ઓસ્ટ્રેલિયામાં 92 ટેસ્ટમાં 7,578 રન બનાવ્યા છે, જ્યારે રૂટનો સ્થાનિક રનનો કુલ સ્કોર પણ 7,542 પર પહોંચી ગયો છે.

**WTCમાં કેપ્ટન તરીકે સૌથી વધુ રન**

| ખેલાડી | દેશ | મેચ | રન | 100 | 50 |
|---|---|---|---|---|---|
| જો રૂટ | ઈંગ્લેન્ડ | 34 | 3000 | 8 | 13 |
| બેન સ્ટોક્સ | ઈંગ્લેન્ડ | 40 | 2182 | 3 | 11 |
| દિમુથ કરુણારત્ને | શ્રીલંકા | 24 | 2160 | 6 | 12 |
| ક્રેગ બ્રેથવેટ | વેસ્ટ ઇન્ડીઝ | 32 | 1994 | 3 | 12 |
| બાબર આઝમ | પાકિસ્તાન | 20 | 1918 | 4 | 13 |

**ટેસ્ટ ક્રિકેટમાં સર્વાધિક અર્ધસદી**

| ખેલાડી | દેશ | મેચ | કુલ રન | અર્ધસદી |
|---|---|---|---|---|
| સચિન તેંદુલકર | ભારત | 200 | 15921 | 68 |
| જો રૂટ | ઈંગ્લેન્ડ | 167 | 14180 | 68 |
| જેક કાલિસ | દ.આફ્રિકા | 166 | 13289 | 58 |
| રિકી પોન્ટીંગ | ઓસ્ટ્રેલિયા | 168 | 13378 | 62 |
| રાહુલ દ્રવિડ | ભારત | 164 | 13288 | 63 |

## ભારતની મિક્સ્ડ વિકલાંગ ટીમ લોર્ડ્સની બાલ્કનીમાં ગાંગુલી જેવી ઉજવણી કરી

**ભારતની** મિક્સ્ડ વિકલાંગ ટીમે ઈંગ્લેન્ડને 118 રનથી હરાવી સાત મેચની સીરિઝ 4-3થી જીતી



લંડન, તા. 20 : ભારતની મિક્સ્ડ વિકલાંગતા ક્રિકેટ ટીમે લોર્ડ્સના ઐતિહાસિક મેદાન પર જીત મેળવીને 2002ના સૌરવ ગાંગુલીના પ્રસિદ્ધ ટી-શર્ટ લહેરાવીને વિજયની ઉજવણી કરવાની ક્ષણની યાદ તાજી કરાવી હતી. બુધવારે લંડનમાં રમાયેલી મિક્સ્ડ વિકલાંગતા સીરિઝની સાતમી અને અંતિમ ટી-20I મેચમાં ભારતે ઈંગ્લેન્ડને 118 રનથી હરાવી સાત મેચની સીરિઝ 4-3થી જીતી હતી.

મેચ પછી, ભારતીય ખેલાડીઓ અને અધિકારીઓ લોર્ડ્સની બાલ્કનીમાં ગયા, તેમના બ્લેઝર ઉતાર્યા અને ત્રિરંગો સાથે ઉજવણી કરી, 24 વર્ષ પહેલાં આ જ સ્થળે નેટવેસ્ટ ટ્રોફીની ફાઈનલમાં ભારતે ઈંગ્લેન્ડને હરાવ્યા પછી ગાંગુલીની પ્રસિદ્ધ ઉજવણીની યાદો તાજી કરી. ડિફરન્ટલી એબલ્ડ ક્રિકેટ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (DCCI) દ્વારા શેર કરાયેલા એક વીડિયોમાં ખેલાડીઓ બાલ્કનીમાં ઉજવણી કરતા જોવા મળ્યા હતા, જેની તસવીરો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહી છે.

DCCI એ X પર લખ્યું કે જ્યારે ભારત લોર્ડ્સમાં જીતે છે, ત્યારે ઉજવણીનો માહોલ અલગ જ હોય છે. લોર્ડ્સની બાલ્કનીમાં શુદ્ધ ક્રિકેટ આનંદની ક્ષણ, ગર્વથી લહેરાતો ત્રિરંગો. 118 રન. કોટ કાઢીને, ઉત્સાહથી ભરપૂર એક અવિસ્મરણીય ઉજવણી.

### મિક્સ્ડ વિકલાંગતા ક્રિકેટ શું છે?

મિક્સ્ડ વિકલાંગતા ફોર્મેટ શારીરિક, શ્રવણ અને શીખવાની અક્ષમતાઓ સહિત વિવિધ વિકલાંગતાઓ ધરાવતા ક્રિકેટરોને એકસાથે લાવે છે, જેનાથી વિવિધ ક્ષમતાઓ ધરાવતા ખેલાડીઓ એકસાથે સ્પર્ધા કરી શકે છે.

## બેડમિન્ટન વર્લ્ડ : સિંધુ, આયુષ હાર્યા, ત્રિસા-ગાયત્રી ક્વાર્ટર ફાઈનલમાં

**ત્રિશા**-ગાયત્રીની બિનક્રમાંકિત જોડીએ જાપાનની સાતમી ક્રમાંકિત રિન-કેઇની જોડીને હરાવી

**આયુષ** ઇન્ડોનેશિયાના ફરહાન સામે અને સિંધુ ચીનની વાંગ સામે હારતા સિંગલ્સમાં ભારતીય પડકારનો અંત



નવી દિલ્હી, તા. 20 (પીટીઆઈ) : ગુરુવારે વર્લ્ડ બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં પીવી સિંધુ અને આયુષ શેટ્ટી પોતપોતાના પ્રી-ક્વાર્ટર ફાઈનલ મેચ હારવાથી સ્પર્ધાના સિંગલ્સ કેટેગરીમાં દેશનું અભિયાન સમાપ્ત થતા ભારતને મોટો ઝટકો લાગ્યો. જો કે આ પહેલા મહિલા ડબલ્સમાં આ પહેલા, ત્રિશા જોલી અને ગાયત્રી ગોપીચંદની ભારતીય મહિલા ડબલ્સ જોડીએ જાપાનની સાતમી ક્રમાંકિત રિન ઇવાનાગા અને કેઈ નાકાનિશીને સીધી ગેમમાં હરાવીને ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો.

વિશ્વની ત્રીજા ક્રમાંકની ચીનની વાંગ ઝીયી સામે એક કઠિન મહિલા સિંગલ્સ મેચમાં 11-21, 21-15, 17-21થી હારવાની સાથે બે વખતની ઓલિમ્પિક મેડલિસ્ટ સિંધુનું રેકોર્ડ છઠ્ઠી વર્લ્ડ ચેમ્પિયનશિપ મેડલ જીતવાનું સ્વપ્ન ત્યારે ચકનાચૂર થઈ ગયું વાંગે બંને પગમાં ખેંચાવાની સમસ્યાનો સામનો કરવા છતાં ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો. શરૂઆતના રાઉન્ડમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન અને વિશ્વ નંબર વન ચીનના શી યુ ક્વિને હરાવીને અપસેટ સર્જનારા 21 વર્ષીય શેટ્ટીએ વિશ્વ નંબર 12 ફરહાન સામે 21-19, 21-11થી હારનો સામનો કરવો પડ્યો. ૧૧મા ક્રમાંકિત ઈન્ડોનેશિયન સામે શેટ્ટીનો આઠ મેચમાં આ પાંચમો પરાજય હતો. મહિલા ડબલ્સમાં ત્રિશા અને ગાયત્રીની બિનક્રમાંકિત ભારતીય જોડીએ એકતરફી મેચમાં રિન અને નાકાનિશીની વિશ્વની સાતમી ક્રમાંકિત જોડીને 21-16, 21-12 થી હરાવી હતી.

## પૂર્વ બંગાળની મહિલા ટીમે ક્લબ ફૂટબોલમાં રેકોર્ડ જીત સાથે ઈતિહાસ રચ્યો

**ગુઆમની** રોવર્સ એફસીને 12-0થી હરાવી પૂર્વ બંગાળની મહિલા ટીમની જીત એશિયન સ્પર્ધામાં ભારતીય ક્લબનો આ સૌથી મોટો વિજય

**મહિલા** ટીમે 1985માં પૂર્વ બંગાળની પુરુષ ટીમે માલિદીવની ક્લબ વેલેન્સિયાને 9-0થી હરાવી બનાવેલો રેકોર્ડ તોડ્યો

કોટા કિનાબાલુ (મલેશિયા), તા. 20 : ગુરુવારે એએફસી મહિલા ચેમ્પિયન્સ લીગ 2026-27ના પ્રારંભિક રાઉન્ડમાં ગુઆમની રોવર્સ એફસીને 12-0થી હરાવીને પૂર્વ બંગાળ એફસીએ સતત બીજી જીત નોંધાવી. આ જીત સાથે, ભારતીય ટીમે ઈતિહાસ રચ્યો. એશિયન સ્પર્ધામાં પુરુષો અને મહિલા બંને મળીને ભારતીય ક્લબનો આ સૌથી મોટો વિજય છે. પૂર્વ બંગાળની પુરુષ ટીમે 1985-86ની એશિયન ક્લબ ચેમ્પિયનશિપમાં માલદીવિયન ક્લબ વેલેન્સિયાને 9-0થી હરાવ્યું હતું, જે રેકોર્ડ હવે પૂર્વ બંગાળની મહિલા ટીમે તોડી નાખ્યો છે.

આ જીત સાથે, પૂર્વ બંગાળ ગ્રુપ સ્ટેજ માટે ક્વોલિફાય થવાથી માત્ર એક જીત દૂર છે અને રવિવારે તેનો સામનો મલેશિયાના સબાહ એફએ સામે થશે. પ્રથમ મેચમાં બાંગ્લાદેશની રાજશાહી સ્ટાર્સ એફસીને 4-0થી હરાવ્યા બાદ, પૂર્વ બંગાળે શરૂઆતથી જ પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું હતું. પ્રિયંકા દેવી નાઓરેમે છઠ્ઠી મિનિટમાં ઈસ્ટ બંગાળને લીડ અપાવી હતી. 15મી મિનિટે, ગોલકીપરે બોક્સની અંદરથી અંજુ ચાનુ કાઈનપમના શોટને રોકવાનો પ્રયાસ કર્યો, પરંતુ બોલ તેના હાથમાંથી સરકી ગયો. રિબાઉન્ડ પર અસ્તમ ઓરાઓને ગોલ કર્યો. પછી સાત મિનિટ પછી, પ્રિયંકાએ બોક્સમાં પ્રવેશ કરીને પોતાનો બીજો ગોલ કર્યો.

**અનુસંધાન... પાના પહેલાનું**

### શીખ વિરોધી...

હતા અને બપોરે 12:30 વાગ્યે તેમનું નિધન થયું હતું.”

નિવેદનમાં વધુમાં ઉમેરાયું છે કે, “તેઓ હાઈ બ્લડ પ્રેશર અને પાર્કિન્સન્સ રોગના જાણીતા દર્દી હતા અને ભૂતકાળમાં તેમને અગાઉ પણ અનેક વખત હોસ્પિટલમાં દાખલ કરવાનો ઇતિહાસ હતો.”

### પાકિસ્તાન હાઈકમિશન...

ક્ષતિગ્રસ્ત દેખાતો હતો, જ્યાં પ્લાસ્ટર અને ચણતરનો કેટલોક ભાગ તૂટી ગયો હતો. સફેદ દીવાલો, ગુંબજવાળી વિશેષતાઓ અને પાકિસ્તાની પ્રતીક ધરાવતા મોટા ધાતુના દરવાજા ધરાવતો હાઈકમિશનનો મુખ્ય પ્રવેશદ્વાર સુરક્ષિત રહ્યો હતો. કમ્પાઉન્ડની સીમાના કેટલાક ભાગો પર અણીદાર તારની ફેન્સિંગ દેખાતી હતી. પાકિસ્તાની સત્તાવાળાઓની આ કાર્યવાહી અને ત્યારબાદ ભારતીય એજન્સીઓ દ્વારા અનધિકૃત બાંધકામો તોડી પાડવાની આ ઘટના બંને દેશો વચ્ચેના અત્યંત તણાવપૂર્ણ સંબંધો વચ્ચે સામે આવી છે.

### અમેરિકી ધાર્મિક...

ખ્રિસ્તીઓ અને મુસ્લિમો સહિતના ધાર્મિક લઘુમતિઓ પર હુમલા કર્યા છે. હવે આરએસએસના નેતા મોહન ભાગવત અમેરિકાની મુલાકાત લેવાની યોજના બનાવી રહ્યા છે.

એક એડવોકસી જૂથ ‘હિન્દુઝ ફોર હ્યુમન રાઈટ્સ’એ પણ જણાવ્યું કે ભાગવતની મુલાકાતને મુસ્લિમો અને ખ્રિસ્તીઓ સામેના આરએસએસ નેટવર્કની હિંસાથી અલગ કરી શકાય નહીં. આ જૂથે એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું, એકતાની ઉજવણી ધાર્મિક સર્વોપરિતાની રાજનીતિને છુપાવી શકતી નથી.

માર્ચમાં પણ USCIRFના વાર્ષિક અહેવાલમાં ધાર્મિક સ્વતંત્રતાના કથિત ઉલ્લંઘન બદલ ભારતની ટીકા કરવામાં આવી હતી અને આરએસએસ તથા રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ(RAW) જેવી સંસ્થાઓ, એકમો અને વ્યક્તિઓ પર લક્ષિત પ્રતિબંધો મૂકવાનું સમર્થન કરવામાં આવ્યું હતું. ત્યારે ભારતે USCIRFના અહેવાલને ફગાવી દીધો હતો.

### પાકિસ્તાનમાં ચીન-તુર્કીના...

ચીને સ્વીકાર્યું હતું કે તેના ઉડ્ડયન ઉદ્યોગના કર્મચારીઓએ સંઘર્ષ દરમિયાન પાકિસ્તાનને તકનીકી મદદ પૂરી પાડી હતી. દરમિયાન, તુર્કી પણ ખાસ કરીને ડ્રોન, નૌકાદળ પ્રણાલી અને એરોસ્પેસ ટેક્નોલોજી ક્ષેત્રે ઈસ્લામાબાદ માટે એક મહત્વપૂર્ણ સંરક્ષણ ભાગીદાર તરીકે ઉભરી આવ્યું છે. આ મહિનાની શરૂઆતમાં, તુર્કી અને પાકિસ્તાને ફાઈટર-એરક્રાફ્ટના વિકાસમાં તેમનો સહયોગ વધુ ગાઢ બનાવવા તરફ પગલાં લીધા હતા. તુર્કીના અધિકારીઓએ જણાવ્યું હતું કે તુર્કીના ‘KAAN’ પાંચમી પેઢીના ફાઈટર પ્રોગ્રામના વિકાસમાં લગભગ 200 પાકિસ્તાની એન્જિનિયરો અને અધિકારીઓ પહેલેથી જ સામેલ હતા, જ્યારે અંકારાએ (તુર્કી) કહ્યું હતું કે પાકિસ્તાનને ઔપચારિક રીતે આ પ્રોજેક્ટમાં સામેલ કરવા માટે ચર્ચા શરૂ કરવામાં આવશે.

### ઇરાન સામે વ્યાપક...

રોકવાની વાત કરી. ટ્રમ્પે દાવો કર્યો કે ઈરાનનન નૌકાદળ અને વાયુસેનાને મોટું નુકસાન થયું છે. તેના અનેક સૈન્ય કારખાનાઓ તબાહ થઈ ગયા છે. ઈરાનના ચલણની હાલત પણ ખૂબ ખરાબ છે અને દેશ આર્થિક સંકટમાં સપડાયેલો છે. ટ્રમ્પે અમેરિકાની આ નવી આર્થિક કાર્યવાહીને ‘ઈકોનોમિક ડી-ડે’ ગણાવી છે. તેમણે અન્ય દેશોને પણ ઈરાનની મદદ બંધ કરવા અને અમેરિકા સાથે આ અભિયાનમાં જોડાવા માટે અપીલ કરી છે. ટ્રમ્પે ‘ટ્રુથ સોશિયલ’ પર પોસ્ટ કરીને ઈરાન સામે સૌથી મોટી આર્થિક કાર્યવાહી કરવાની જાહેરાત કરી હતી.

### JPSC પરીક્ષાઓ...

કરવાનો નિર્ણય લીધાના દિવસો બાદ આવ્યો છે. ભરતી પરીક્ષાઓમાં કથિત ગડબડીઓ અને ગેરરીતિઓને લઈને ‘JPSC-JSSC રિફોર્મ્સ મંચ’ના નેતૃત્વમાં ચાલેલા 26 દિવસના ઉગ્ર આંદોલન બાદ સરકારે આ નિર્ણય લીધો હતો. સરકારે પરીક્ષાઓ રદ કરવાના પોતાના નિર્ણયનો બચાવ કરતા કહ્યું હતું કે ભરતી પ્રક્રિયામાં જનતાનો વિશ્વાસ પુનઃસ્થાપિત કરવા માટે આ પગલું જરૂરી હતું.

### દિલ્હી ડાયરી...

વ્યક્ત કરી હતી, જે તેઓ સામાન્ય રીતે ખાસ કરીને પોતાની જાતિના હોદ્દાનો ઉલ્લેખ કરીને ભાગ્યે જ કરે છે. તેમણે સીડબ્લ્યુસીમાં ઉપસ્થિત લોકોને કહ્યું કે તેઓ ‘દુ:ખી’ છે કે સીડબ્લ્યુસીના ઘણા સભ્યોએ ‘શુદ્ધિકરણ’ના મુદ્દે તેમને સમર્થન આપીને ખુલ્લેઆમ તેનો વિરોધ ન કર્યો. તેમણે સીડબ્લ્યુસી બેઠકમાં આ વિષય છેડ્યો અને કહ્યું કે તેના તમામ સભ્યો અને ખાસ કરીને મીડિયામાં જગ્યા મેળવનારા તે ‘સારા દેખાતા લોકો’ પણ આ બાબતે કશું બોલ્યા નહીં.

**સોશિયલ મીડિયા પર ખાનપાન વિવાદ**

ભાજપના પ્રમુખ નીતિન નવીન આંધ્ર પ્રદેશના વિશાખાપટ્ટનમમાં પાર્ટીના રાજ્ય નેતૃત્વ સાથે પરંપરાગત આંધ્ર ભોજનની મજા માણી રહ્યા હોવાની તસવીરો અને વીડિયો સામે આવ્યા બાદ વિવાદમાં સપડાયાના એક દિવસ પછી, વિપક્ષી દળો ખાસ કરીને કોંગ્રેસે તેમના પર પવિત્ર ‘શ્રાવણ’ મહિનામાં માસાહારી ખોરાક લેવાનો આરોપ લગાવ્યો હતો. ત્યાર બાદ ભાજપે આ ટીકાઓને દૂર કરવા માટે લડાયક મોરચો સંભાળ્યો હતો. ભાજપના નેતાઓ અને રણનીતિકારોએ સોશિયલ મીડિયા પર ચાલતા આ ‘ખોટા નેરેટિવ’ ગણાવી. છત્તીસગઢ ભાજપના અધિકૃત હેન્ડલ પરથી એક પોસ્ટ મૂકીને દાવો કરવામાં આવ્યો હતો કે, ફુટેજમાં દેખાતી વાનગી વાસ્તવમાં પરંપરાગત કાચા ફણસનું શાક (જેકફ્રુટ કરી) હતું, જે સંપૂર્ણપણે શાકાહારી ડિશ છે. જોકે, આ વિવાદના કારણે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલી રીલ્સનું ઝીણવટભર્યું નિરીક્ષણ શરૂ થઈ ગયું છે. કેટલાક લોકોએ તો થાળીમાં પીરસાયેલી વાનગીઓને ઝૂમ કરીને રીલનું પોસ્ટમોર્ટમ પણ કર્યું હતું. જ્યારે અન્ય લોકોએ આવા પ્રયાસોને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઈ) અને અન્ય ટેક્નોલોજીની કરામત ગણાવી હતી.